INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૯-૧૦-૨૦૨૫**

- **જર્મન વોચ ના ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ ના રિપોર્ટ મુજબ વિશ્વ માં ભારત, ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ માં છઠ્ઠા ક્રમે છે. : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા**
- **XDI ગ્રોસ ડોમેસ્ટિક ક્લાયમેટ રિસ્ક રિપોર્ટ ૨૦૨૪, મુજબ વિશ્વના ૨૬૦૦ પ્રદેશોનો અભ્યાસ બાદ, ટોપ ૫૦ પ્રદેશના ડોમેસ્ટિક ક્લાયમેટ રિસ્કમાં ગુજરાત રાજ્યનો સમાવેશ છે : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા**
- **ગુજરાત રાજ્યની યુનિવર્સિટીમાં થયેલ રિસર્ચમાં ગુજરાત રાજ્યમાં વરસાદનો ટ્રેન્ડ બદલાયો છે, સાથે એક્સ્ટ્રીમ વેધર ઇવેન્ટ્સ માં વધારો જોવા મળ્યો છે. ગુજરાત રાજ્યમાં વરસાદની તીવ્રતા માં પરિવર્તન બાબતમાં અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં સૌથી વધારે પ્રમાણમાં નોંધાયું છે. : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા**
- **ઓછા સમય માં વધુ વરસાદ પડવા ની ઘટનાઓ વધી રહી છે જેની ગણતરી એક્સ્ટ્રીમ ઇવેન્ટ્સ માં થાય છે. અતિશય વરસાદ ની ઘટનાઓ જે દક્ષિણ ગુજરાતમાં જોવા મળતી હતી તે હવે સૌરાષ્ટ્ર અને કચ્છ માં જોવા મળે છે. : ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા**

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે જે કસમય ના વરસાદે, ખેડૂતો ને બેહાલ કર્યા છે તે કુદરતી આફત નથી. છેલ્લા દશકો થી આબોહવા પર થઈ રહેલી ગંભીર અસરોના પરિણામના લીધે હાલમાં સહુ ભોગવી રહ્યા છે. જર્મન વોચ ના ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સના રિપોર્ટ મુજબ વિશ્વ માં ભારત, ક્લાયમેટ રિસ્ક ઈન્ડેક્સ માં છઠ્ઠા ક્રમે છે. સમગ્ર વિશ્વનો ત્રણ દાયકા અભ્યાસ બાદ, ભારત ની આબોહવા ઉપર ગંભીર અસરો જોવા મળી છે. ક્લાયમેટ ચેન્જના કારણે સર્જાયેલા પુર, વાવાઝોડાં, દુષ્કાળ જેવી પરિસ્થિતિના લીધે ત્રણ દાયકામાં ભારતમાં ૧૮૦ બિલિયન ડોલરનું નુકશાન થયું છે, જ્યારે રિપોર્ટ મુજબ ૪૦૦ એક્સ્ટ્રીમ વેધર ઇવેન્ટ્સ ની ઘટનાઓમાં ૮૦,૦૦૦ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે. XDI ગ્રોસ ડોમેસ્ટિક ક્લાયમેટ રિસ્ક રિપોર્ટ ૨૦૨૪, મુજબ વિશ્વના ૨૬૦૦ પ્રદેશોનો અભ્યાસ બાદ, ટોપ ૫૦ પ્રદેશના ડોમેસ્ટિક ક્લાયમેટ રિસ્કમાં ગુજરાત રાજ્યનો સમાવેશ છે. રિપોર્ટ મુજબ ટોપ ૫૦ પ્રદેશોમાં ચીન પછી સૌથી વધુ ભારતના ૯ રાજ્ય ક્લાયમેટ રિસ્કના ભય ના ઓથા હેઠળ છે.

ગુજરાતની ભાજપ સરકાર રાજ્યમાં થઈ રહેલા પર્યાવરણના મોટા પરીવર્તન અંગે અજાણ છે. એવુ નથી. રાજ્યની જ સંસ્થાઓમાં પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ અંગેના રીસર્ચમાં થયેલા અભ્યાસમાં રાજ્યમાં પર્યાવરણ-કલાયમેટ ચેન્જ અંગેની કથળતી સ્થિતી દર્શાવે છે. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીમાં થયેલ રિસર્ચમાં ગુજરાત રાજ્યમાં વરસાદનો ટ્રેન્ડ બદલાયો છે, સાથે એક્સ્ટ્રીમ વેધર ઇવેન્ટ્સ માં વધારો જોવા મળ્યો છે. ગુજરાત રાજ્યમાં વરસાદની તીવ્રતા માં પરિવર્તન બાબતમાં અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં સૌથી વધારે પ્રમાણમાં નોંધાયું છે. ગુજરાત રાજ્યમાં વરસાદ કેટલો પડે છે, અને કેવી રીતે પડે છે, તે બંને વિષય ની ચિંતા કરવી પડે તેમ છે. ગુજરાત રાજ્ય માં સરેરાશ વરસાદ વધ્યો છે જેની સામે વરસાદી દિવસો ઘટ્યા છે. ગુજરાત રાજ્યમાં એક્સ્ટ્રીમ ઇવેન્ટ્સ વધ્યા છે જેના લીધે લીલા દુકાળની પરિસ્થિતિ ઊભી થઈ છે, જેનું સ્પષ્ટ ઉદાહરણ બનાસકાંઠા માં જોવા મળ્યું છે. ઓછા સમય માં વધુ વરસાદ પડવા ની ઘટનાઓ વધી રહી છે જેની ગણતરી એક્સ્ટ્રીમ ઇવેન્ટ્સ માં થાય છે. અતિશય વરસાદ ની ઘટનાઓ જે દક્ષિણ ગુજરાતમાં જોવા મળતી હતી તે હવે સૌરાષ્ટ્ર અને કચ્છ માં જોવા મળે છે. આ પ્રકારની ઘટનાઓ ને લીધે અર્બન ફ્લડિંગ, પાણી ના ભરાવા જેવી ઘટનાઓ સામે આવી છે. આંધ્રપ્રદેશ જેવા રાજ્ય, જેની કોસ્ટલ વિસ્તાર ગુજરાત કરતા નાનો છે, તેમણે વાવાઝોડા થી બચવા અને ક્લાયમેટ ચેન્જ સામે લડવા માટે ગ્રેટ ગ્રીન વોલ ઊભી કરવા જઈ રહ્યા છે , જેમાં દરિયા કિનારા નું બાયો શીલ્ડીંગ કરવા જઈ રહ્યા છે, જેમાં દરિયા કિનારે ચેર થી લઈ અલગ અલગ પ્લાન્ટેશન કરી ને દરિયા કિનારા ને સુરક્ષિત કરવામાં આવશે, ત્યારે આવી યોજના ભારત માં સૌથી લાંબા દરિયાઈ વિસ્તાર ગુજરાત માં કેમ લાગુ કરવા માં નથી આવી. ગુજરાત રાજ્ય માં દશકો થી પર્યાવરણ ના કચ્ચરઘાણ નીકળ્યો છે, તેનો ભોગ ક્લાયમેટ ચેન્જ ની આડ અસર થી આજની અને આવનારી પેઢી બનશે. પર્યાવરણ મંત્રી કસમય ના વરસાદ નુ નુકશાન કેટલું થયું છે તે ખેડૂત ની સાથે પર્યાવરણ ને પૂછજો. પર્યાવરણ બચાવવા માટે ના નક્કર પગલાં લેવા માં ગુજરાત સરકાર સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે, આવનારા સમયમાં ગ્લોબલ ક્લાયમેટ ચેન્જ ને નાથવા નક્કર આયોજન સાથે પગલા લેવાની તાતી જરૂરિયાત છે.

(ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડીયા)
પ્રવક્તા, મો. 9898134146